**ફોજદારી કેસ નંબર:74498-2017**

**– આંક:૦૧ લગત હુકમ –**

---

**(૧).** આજરોજ કેસનું રેકર્ડ વંચાણે લેતા, આરોપી વિરૂધ્ધ ધી ગુજરાત પ્રોહીબિશન એક્ટની કલમઃ૬૬(૧)(બી) અને ૮૫(૧)(૩) તથા જી.પી.એક્ટની કલમઃ૧૧૦,૧૧૭ મુજબના ગુનાઓ અંગેનુ ચાર્જશીટ રજૂ કરવામાં આવેલ છે. હાલના કામે આંક–૧ લગત અગાઉ આરોપીને ધી ગુજરાત પ્રોહીબિશન એક્ટની કલમ–૮૫(૧)(૩) તથા જી.પી.એક્ટની કલમઃ૧૧૦,૧૧૭ મુજબના ગુનામાં બિનતહોમત છોડી મુકવાનો હુકમ કરવામાં આવેલ છે અને હાલના આરોપી સામે ધી ગુજરાત પ્રોહીબીશન એક્ટની કલમ–૬૬(૧)(બી) મુજબની ઈન્સાફી કાર્યવાહી સમન્સ ટ્રાયેબલ રીતે ચલાવવાનો હુકમ કરવામાં આવેલ છે.

**(૨).** હાલના કેસનુ રેકર્ડ જોતા, હાલના આરોપી સામે કરેલ સમન્સ ધ્યાને લેતા, હાલમાં આરોપી પોતાના દર્શાવેલા સરનામે મળી આવતા નથી. સદર કામ ઘણા સમયથી ડોરમેન્ટ ફાઈલે મુકવામાં આવેલ. આરોપી નજીકના ભવિષ્યમા મળી આવે તેમ નથી. આ કામે શ્રી સરકાર તરફે વિધ્વાન એ.પી.પી.શ્રી ધ્વારા એવી રજૂઆત કરેલ છે કે, સમગ્ર ચાર્જશીટ તથા કેસ પેપર્સ ધ્યાને લઈ યોગ્ય હુકમ કરવા વિનંતી છે.

**(૩).** આ તબક્કે ફોજદારી કાર્યરીતી અધિનિયમની કલમઃ૨૫૮ વંચાણે લેતા, ફરીયાદ ઉપરથી દાખલ થયેલ હોય, તે સિવાયના કોઈ સમન્સ કેસમાં મેજીસ્ટ્રેટને, ચુકાદો ઘોષિત કર્યા સિવાય કારણો નોંધીને, કોઈપણ તબક્કે, કાર્યવાહી બંધ રાખી શકશે તેવી સત્તા મળેલ છે. વિશેષમાં, જો મુખ્ય સાહેદનો પુરાવો નોંધાયેલ હોય અને આવી કાર્યવાહી બંધ રાખવામાં આવી હોય તો, નિર્દોષ ઠરાવી મુક્ત કરશે તથા અન્ય કોઈ કિસ્સામાં આરોપીને છોડી મુકવામાં આવશે અને તેની અસર બિનતહોમત મુક્ત કરવામાં આવેલ હોય, તેવી થશે. આમ, ફોજદારી કાર્યરીતી અધિનિયમની કલમઃ૨૫૮ મુજબ હાલના કેસની ઈન્સાફી કાર્યવાહી બંધ કરી તેમજ આરોપી વિરૂધ્ધ મુખ્ય સાહેદોનો પુરાવો નોંધવામાં આવેલ ન હોય, આથી હાલના કેસની ઈન્સાફી કાર્યવાહી, ફોજદારી કાર્યરીતી અધિનિયમની કલમઃ૨૫૮ પ્રમાણે મળેલ સત્તાની રૂએ બંધ કરી, આરોપીને ધી ગુજરાત પ્રોહિબીશન એક્ટની કલમઃ૬૬(૧)(બી) ના શિક્ષાપાત્ર ગુનામાંથી છોડી મુકવાનો હુકમ કરવામાં આવે છે.

સદરહુ હુકમ આજ તાઃ૧૩મી, માહે મે સને ૨૦૨૩ નાં રોજ યોજવામાં આવેલ સ્પેશીયલ મેજીસ્ટ્રીયલ સીટીંગમાં વાંચી સંભળાવી સહી કરીને જાહેર કર્યો.

મુકામ–અમદાવાદ.

(રીન્કુ રાજેશ દેસાઈ)
એડી.ચીફ મેટ્રોપોલીટન મેજીસ્ટ્રેટ
કોર્ટ નંબરઃ૦૯,અમદાવાદ.
કોડ નં.જીજે.૦૧૦૮૯.